ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૨૬.૧૧.૨૦૧૮

**શ્રી રામ આ રાષ્ટ્રની શક્તિ, પ્રકૃતિ અને સંસ્કૃતિ છે.**
**શ્રી રામ એ લાખો પૂજનીય સંતોની ભક્તિ છે. – શ્રી ભરત પંડયા**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

**શ્રદ્ધા, સંકલ્પ, સમર્થન સાથે રામમંદિરના નિર્માણ માટે નિર્ણય આવે તેવું ભાજપ ઈચ્છે છે. જયારે કોંગ્રેસના સુપ્રિમકોર્ટમાં "શ્રી રામનું અસ્તિત્વ નથી અને રામ મંદિરનો ચુકાદો ન આવે" તેવાં કાનુની દાવપેચમાં કોંગ્રેસ રામમંદિર ન બને તેવું ઈચ્છે છે. – શ્રી ભરત પંડયા**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

**કોંગ્રેસના શ્રી રાજીવ સાતવને ભાજપના શ્રી ભરત પંડયાનો જવાબ**
**"ભગવાનશ્રી રામનું અસ્તિત્વ નથી" એ માત્ર "એક નાટકનું પાત્ર" છે.**
**તેવી સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ કરનાર કોંગ્રેસ અમારી પાસે**
**રામમંદિરનો જવાબ માંગે છે?- શ્રી ભરત પંડયા**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

**કોંગ્રેસના નેતાશ્રી કપિલ સિબ્બલ 2019 પછી રામ મંદિરનો ચુકાદો આવે તેવું સુપ્રિમકોર્ટમાં કહે છે અને બીજી બાજૂ ભાજપ પાસે રામમંદિરની તારીખ માંગે છે ? – શ્રી ભરત પંડયા**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

**પ્રદેશપ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસને જસદણના ઉમેદવાર જાહેર કરવા અનેકવાર પડકાર આપ્યાં પછી પણ કોંગ્રેસ તીવ્ર જૂથબંધીને કારણે ઉમેદવાર જાહેર કરી શકતી નથી.**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

**ભાજપનું સંગઠન મજબૂત છે. કેન્દ્ર અને રાજય સરકારની કામગીરીને કારણે ભાજપને જનતાનું સમર્થન છે. જસદણની ચુંટણીમાં ભાજપની ભવ્ય જીત થશે.**

-- -- -- -- -- -- -- -- -- -- -- --

કોંગ્રેસના શ્રી રાજીવ સાતવના રામમંદિરનાં નિવેદન સામે ભાજપના પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ તીવ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, જે કોંગ્રેસ "ભગવાનશ્રી રામનું અસ્તિત્વ નથી" એ માત્ર "એક નાટક"નું પાત્ર છે. તેવી સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ કરી હતી તે અમારી પાસે રામમંદિરનો જવાબ માંગે છે ? . એકબાજૂ કોંગ્રેસના નેતાશ્રી કપિલ સિબ્બલ 2019 પછી રામ મંદિરનો ચુકાદો આપવાનું કહે છે. તે લોકો અમારી પાસે રામમંદિરની તારીખ માંગે છે ?

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, ભગવાનશ્રી રામ કરોડો લોકોની શ્રદ્ધા-આસ્થા છે, શ્રી રામ આ રાષ્ટ્રની શક્તિ, પ્રકૃતિ અને સંસ્કૃતિ છે. લાખો પૂજનીય સંતોની ભક્તિ છે. શ્રી રામ એ એકતા અને સમરસતાનું પ્રતિક છે, શ્રી રામ એ ન્યાય અને લોકકલ્યાણનું પ્રતિક છે. રામમંદિર નિર્માણ એ કોર્ટના આદેશથી થાય કે કેન્દ્ર સરકારના જનાદેશથી થાય પરંતુ રામમંદિર નિર્માણ થશે જ તેવો વિશ્વાસ અમને અને દેશની જનતાને છે પણ માત્ર કોંગ્રેસને નથી. કારણ કે, કોંગ્રેસ જ તે ન બને તેવું ઈચ્છી રહી છે.

અમારી શ્રદ્ધા, સંકલ્પ અને સમર્થનથી રામમંદિર બને તેમાં છે. જયારે કોંગ્રેસે સુપ્રિમકોર્ટમાં એફિડેવીટ કરીને સ્પષ્ટ કહ્યું હતું કે, "શ્રી રામનું અસ્તિત્વ નથી અને રામમંદિરનો ચુકાદો જલ્દી ન આવે" તેવાં કાનૂની દાવપેચ કરે છે એટલે કોંગ્રેસ રામમંદિર ન બને તેવું ઈચ્છે તે સ્પષ્ટ છે.

કોંગ્રેસ રામમંદિર વિરોધી, નર્મદા વિરોધી અને ગુજરાત વિરોધી છે તેમશ્રી ભરત પંડયાએ જણાવતાં કહ્યું હતું કે, કોંગ્રેસના પ્રભારીશ્રી રાજીવ સાતવ નર્મદા વિરોધીઓને ખુલ્લું સમર્થન આપી ચુક્યાં છે. તેમની નર્મદા વિરોધી અને ગુજરાત વિરોધી માનસિકતા ગુજરાતની જનતા જાણે છે. હવે તે ગુજરાતમાં આવીને ખેડૂત કે પાણીના મુદ્દે બોલે તે યોગ્ય નથી. તેમને ખેડૂત કે પાણીના મુદ્દે બોલવાનો અધિકાર નથી.

શ્રી પંડયાએ જસદણ વિધાનસભાની ચુંટણી અંગે જણાવતાં કહ્યું હતું કે, ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસને જસદણના ઉમેદવાર જાહેર કરવા અનેકવાર પડકાર આપી ચુક્યા પછી પણ કોંગ્રેસ હજૂ ઉમેદવાર જાહેર કરી શકતી નથી. કોંગ્રેસ છેલ્લા કેટલાંય સમયથી ન.પા., તા.પં. અને જી.પં.ની અનેક ચુંટણીઓ હારી ચુકી છે. કોંગ્રેસના અંદરો-અંદરના ઝઘડાને કારણે કેટલીય તા.પં. અને જી.પં.ગુમાવી છે. તીવ્ર જૂથબંધીને કારણે કોંગ્રેસને "જમ્બોજેટ" સંગઠન માળખું જાહેર કરવું પડ્યું છે. ભાજપનું સંગઠન મજબૂત છે. કેન્દ્ર અને રાજય સરકારની કામગીરીને કારણે ભાજપને જનતાનું સમર્થન છે. જસદણની ચુંટણીમાં ભાજપની ભવ્ય જીત થશે તેવો જનતામાં અમને વિશ્વાસ છે. તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ